# પ્રેસનોટ

## અલુણાવ્રત ઉજવણી  નિમિત્તે મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે નીચે મુજબની  વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ/વાર | સમય | સ્પર્ધા | વિભાગ | સ્થળ | પ્રવેશફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૬/૦૭/૨૦૨૪ મંગળવાર | બપોરે ૧.૦૦ કલાકથી | મહેંદી સ્પર્ધા | ખુલ્લો વિભાગ (૨૧ થી ૪૦ વર્ષ) | હરીનગર-૩ કોમ્યુનિટી હોલ, હરીનગર-૩ સોસાયટી પાસે, સપ્તશૃંગી મંદિર પાસે, ઉધના, સુરત | ૧૦/૦૭/૨૦૨૪ બુધવાર |
| ૨ | ૧૯/૦૭/૨૦૨૪ શુક્રવાર | બપોરે ૧૨.૦૦ કલાકથી | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક (ધો.૪ થી ૮) | પરફોમિગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી-ડો.વિક્રમભાઇ સારાભાઇ માર્ગ, અડાજણ, સુરત | ૧૨/૦૭/૨૦૨૪ શુક્રવાર |

મહેંદી સ્પર્ધાના ખુલ્લા  વિભાગમાં ૨૧ થી ૪૦ વર્ષની સુરત શહેરની મહિલાઓ ભાગ લઇ શકશે તથા ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની  વિધ્યાર્થીનીઓ/કન્યાઓ ભાગ લઇ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક  વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં. ૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઇડ કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઇટ www.suratmunicipal.gov.in/information/news પરથી સ્પર્ધામાં ભાગ લેવા બાબતની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ મળી શકશે. પ્રવેશફોર્મ સ્વીકારવાનો સમય ઉપરોકત અંતિમ તારીખે સાંજે ૫.૦૦ કલાક સુધીનો રહેશે.

સમાચારયાદી નં. ૧૦૩, તા.૦૪/૦૭/૨૦૨૪, જનસંપર્ક  વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.